# આપણું મગજ તિજોરી છે, વખાર નથી

રોજ-રોજ ચારે બાજુથી જાત જાતની માહિતીનો ઢગલો ઠલવાતો રહે છે. એમાંથી જ્ઞાન કેટલું અને માહિતી કેટલી એ, ઘઉં-કાંકરામાંથી ઘઉં અલગ તારવવા જેવું છે. અઘરું છે.

ટી. વી., રેડિયો, છાપાં જેવાં દૃશ્ય, શ્રાવ્ય અને વાચ્ય માધ્યમો સતત કાંઈ ને કાંઈ રજૂ કરતાં રહેતાં હોય છે. તેમાંથી ઉત્તમને જ અપનાવવું. નકામું કાંઈ ન સંઘરવું. નકામું હોય તેની ઉપેક્ષા કરવી. **જે ઉત્તમ હોય તેને મગજની તિજોરીમાં મૂકવું; કારણ કે આપણાં મન-મગજ તે તિજોરી છે, વખાર નથી.** તિજોરીમાં શું મુકાય અને વખારમાં શું મુકાય તે તો આપણે સારી રીતે જાણીએ છીએ.

રત્નનું સ્થાન તિજોરીમાં અને રાખનું સ્થાન વખારમાં.

રત્નો ઓછાં મળે, શોધવાં પડે. ક્યાંક જ મળે, ક્યારેક જ મળે; છતાં તેના જ પ્રેમી બનીએ.

કોઈ ને કોઈ રત્ન આપણી રાહ જુએ છે - તેના તરફ એવો અભિગમ કેળવીએ અને તેના અજવાળે જીવનને ગુણ-સમૃધ્ધ બનાવીએ.

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા અંક ૦૪**

# ધર્મનું સાધન અન્તઃકરણ

**જ્ઞાની પુરુષે ધર્મ આરાધવાના ત્રણ પ્રકાર બતાવ્યા છે : કરણ-ઉપકરણ-અન્તઃકરણ.** તે ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મ છે.

પહેલો પ્રકાર : કરણ. ધર્મ આરાધનામાં શરીર એ સાધન છે. શરીરની સપાટીથી ધર્મ થાય છે.

બીજો પ્રકાર : ઉપકરણ. ધર્મ કરવા માટે જોઈતાં સાધન ઉપકરણ કહેવાય. ઓઘો, મુહપત્તિ, ચરવળો, કટાસણું, નવકારવાળી, પૂજાની થાળી-વાટકી વગેરે ઉપકરણ જોઈએ. ધર્મકાર્ય કરવા આ બધાની જરૂર પડે.

ત્રીજો પ્રકાર : અન્તઃકરણ. પહેલા બે પ્રકાર વડે ધર્મ થાય. એથી વિશેષ અને સર્વોચ્ચ આ પ્રકાર છે. **કદાચ કરણ કે ઉપકરણ વિના ધર્મ થઈ શકે પણ અન્તઃકરણ તો જોઈએ જ.**

તમે વિચાર કરો. 'પંચાશક' શાસ્ત્રમાં જે એક ઘરડી ડોશીની કથા આવે છે તેમાં આ અન્તઃકરણ દ્વારા થતાં ધર્મનો જ મહિમા બતાવ્યો છે. બાકી કરણ કે ઉપકરણમાં ક્યાં કશો ભલીવાર હતો ?

અત્યંત દરિદ્ર ડોશીમાની પાકી ઉંમર, કરચલીવાળું કૃશ શરીર. ૮૦ વર્ષની વયે પોતાની આજીવિકા માટે રોજ જાતે જઈ લાકડાં કાપી ભારા લઈ આવવા પડતા હતા ! આંખના દીવાનું તેલ ખૂટવામાં આવ્યું હતું એટલે કે એ અખમ થવા આવી હતી. કાન પણ જવું જવું કરતા હતા. પગ તો ક્યારના યે રજા માંગતા . હતા. પણ બધું એમ જ નભતું હતું.

એક દિવસ એ ઘરડાં માજી માટે સોનેરી દિવસ ઊગ્યો.



Melbourne Shwetambar Jain Sangh

લાકડા લેવા જંગલમાં જવા ઘર બહાર નીકળીને જેવા તે ચોકમાં આવ્યાં ત્યારે, માણસનાં ટોળે ટોળા એક દિશામાં જલદી જલદી જતાં જોયાં. માજીએ પૂછ્યું : આટલા બધા માણસ આજે ક્યાં જાય છે ?

કોઈકે કહ્યું : ગામ બહાર ભગવાન આવ્યા છે. ત્યાં દર્શન માટે જાય છે.

આટલું સાંભળી માજીના મનમાં શુભ વિચારનો સંચાર થયો. થયું : લાવને **હું પણ આજે ભગવાનના દર્શને જાઉં**. માજીએ જંગલમાં જવાને બદલે ભવ-જંગલનો અંત લાવનાર ભગવાન તરફ ડગુમગુ ચાલે ડગ માંડ્યાં.

વળી મનમાં થયું : **આમ આવા શરીરે કેમ જવાય?** એટલે નદી તરફ ચાલ્યાં. ત્યાં પાણીમાં હાથ-પગ બોળ્યા. નદી પાર કરતાં બીજો વિચાર ઝબક્યો : **ખાલી હાથે કેમ જવાય?** ત્યાં સામે નાગોડના છોડ પર નાનાં નાનાં લાલ ફૂલ દેખાયાં, તે લઈ લઉં ! થોડાં ફૂલ લીધાં અને આગળ વધ્યાં.

રસ્તા પર જેવા આગળ વધવા જાય ત્યાં જાણે કીડિયારું ઉભરાયું હોય તેટલું માણસ! અરે, માણસ જ નહીં, પશુસૃષ્ટિ પણ ત્યાં ધસમસતી દેખાઈ! આમાં મારગ કેમ થાશે, એવી ચિંતા મનમાં ઘોળાતી હતી. ત્યાંથી પસાર થતાં રાજાને પણ આ માજીને જોઈ દયા આવી. પાસેના મંત્રીને કહ્યું કે સૈનિકોને સૂચના આપજો કે માજી ક્યાંક ચગદાઈ ન જાય.

રાજા તો આગળ વધ્યા. પણ મનમાં આ માજી વસી ગયાં. જેવા તેઓ પ્રભુ પાસે પહોંચ્યાં તેવો જ પ્રશ્ન પૂછ્યો : પ્રભો, પે'લા માજી ક્યાં પહોંચ્યા? ત્યાં પ્રભુ કહે : આ તમારી સામે બેઠાં છે તે.

રાજા કહે : આ તો દેવ છે !

પ્રભુ કહે : એ માજી દર્શન કરવાની ચઢતી ભાવધારા સાથે આવી રહ્યાં હતાં, ત્યાં જ માણસની ભીંસ થતાં ચગદાઈ ગયાં અને તેઓનું આયુષ્ય પૂર્ણ થયું. એમના મનમાં પ્રભુના દર્શનની તીવ્ર ભાવના હતી. હાથમાં નગોડના ફૂલ હતાં તેથી દેવલોકનું આયુષ્ય બાંધ્યું અને આ તમારી સામે જ બેઠાં છે.

હીન, દીન અને દરિદ્ર અવસ્થામાંથી કેવા પુણ્યશાળી બની ગયાં ! આમાં કરણ અને ઉપકરણ તદન ગૌણ હતાં. માત્ર અન્તઃકરણથી તેમનું કામ થયું ! **આપણે પણ ધર્મ સાધવા માટે વધુમાં વધુ જોર અન્તઃકરણ ઉપર દેવાનું છે.**

**મનમાં જ પ્રભુનું સ્થાપન કરી તેમની સાથે તદાકાર થવા પ્રયાસ કરવાના છે. તેમ કરવાથી જ સાધના ફળવતી અને બળવતી બની રહેશે.**

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**

**પાઠશાળા અંક ૦૩**

# અનાસક્ત યોગી
# શાલિભદ્ર મહારાજનો જય હો ! જય હો !

વિશાળ વડલાની શીતળ છાયામાં ગાયો, વાગોળતી બેઠી છે. નાનાં વાછરડાં પણ આમતેમ ચરે છે, ફરે છે અને કૂણું-કૂણું ઘાસ ખાય છે. ચરાવવા આવેલા ગોવાળિયાઓ કડિયાળી ડાંગ-લાકડીઓ આઘી મૂકી ફાળિયાનું ફીંડલું કરી તેની ઉપર માથું ટેકવી આડે પડખે થયા છે.

વાછરડા ચરાવવા આવેલા ગોપ-બાળકો મોઈ-દાંડિયાની રમત રમે છે. પણ, તે માંહ્યલો એક છોકરો તો એ વડલાની પાસેની ગાડાવાટની સ્હેજ ઉપરની ટેકરીએ ચડી એક નાના જાંબુડાના ઝાડ નીચે બેઠો છે. એનું ધ્યાન રમતમાં નથી; પણ તેની આંખો, પાસે ઊભેલા એક મુનિ મહારાજની મુખમુદ્રામાંથી નીતરતા અમીનું પાન કરે છે.

ધ્યાન-લીન મુનિરાજ પર આ છોકરો ઓવારી ગયો છે. એમના પર અનહદ હેત ઉભરાય છે. હેતની ભરતીમાં તેને ભાન નથી રહેતું કે હું જે બોલું છું તેનો જવાબ મળે છે કે નહીં ! તે તો પોતાની જાતે બોલતો જ જાય છે. મનમાં આવે તેવું બોલે છે :

તમારું ઘર ક્યાં છે ? તમે ક્યાં રહો છો ? તમારી મા ક્યાં છે ? તમે ક્યારે જમો છો ? મારે ઘરે તમે આવશો ? મારી મા તમને જમવાનું આપશે. આવશોને ?

કશા પણ જવાબી રાહ જોયા વિના છોકરાનો એક તરફી સ્નેહ-આલાપ આમ ચાલુ જ રહ્યો !

બપોરની વેળાએ બીજા બધા છોકરાઓ, ચારે તરફ વેરાયેલા તડકાની વચાળે જે જે ઘટાળા ઝાડનો છાંયડો હોય ત્યાં રમતા હોય ત્યારે, આ છોકરો - **સંગમ – કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન મુનિરાજના વિકસિત મુખારવિંદના સૌંદર્યભર્યા સ્મિત-મધુનું ગટક ગટક પાન કરતો.**

દિવસો વીતતાં, જોતજોતામાં મહિનો થયો. મુનિરાજને માસખમણ પૂરું થયું.

પારણું આજે છે. નજીકના નેસમાં ગૌચરી માટે પધાર્યા.

યોગાનુયોગ, આજે ગામમાં ખીરના જમણનો ઓચ્છવ હતો. ઘર ઘરમાં ખીર રંધાઈ હતી. શેરી અને આંગણાં ખીરની મીઠી સોડમથી મઘમઘતાં હતાં. બધા છોકરાઓ, વાડકી જેવા વાસણમાં થોડી-થોડી ખીર લઈને, ચોકમાં આવીને, આંગળાથી ચાટતા હતા. એકનું જોઈ, બીજાને મન થાય એવું હતું.

બધા ભાઈબંધોને આમ ખીર ખાતાં જોઈને, બાળસુલભ સ્વભાવે, સંગમને પણ એ ખીર ખાવા ઇચ્છા થઈ. ઘેર ગયો તો મા હજુ હમણાં આજુ-બાજુનાં ઘર-કામ કરીને આવી હતી. પિતાની ગેરહાજરી હતી. ગરીબ ઘરમાં મા અને દીકરો બે જ જણ હતાં. સીમમાં ખેતર ન હતું કે ઢોર-ઢાંખર પણ નહીં. તેથી ગુજરાન ચલાવવા, મા ગામનાં કપડાં-વાસણ કરતી હતી, દીકરો વાછરડા ચરાવવા લઈ જતો.

સંગમે માને કહ્યું : મા, ખીર ખાવી છે.

ખીર તો ક્યાંથી લાવું, દીકરા ! લોટની રાબનો માંડ વેંત થાય છે ત્યાં ખીર ? ખીર માટે તો ઘણું જોઈએ તે ક્યાંથી લાવું ?
ના....મારે તો ખીર ખાવી જ છે.

દીકરાની જીદ પૂરી થઇ શકશે નહીં, એવું લાગતાં માથી રોવાઈ ગયું. અવાજ સહેજ મોટો થયો. આડોશી-પાડોશી ભેગાં થઈ ગયાં. કહે : અલી શું થયું છે ? બોલ, તો ઉપાય કરીએ. માએ રડતાં રડતાં બધી વીતક-વાત કહી. આ સાંગો ક્યારે પણ કોઈ જીદ કરતો નથી. આજે, ખીર ખાવાની હઠ લઈ બેઠો છે; પણ તેને ખીર ક્યાંથી ખવડાવું ?

ભેગી થયેલી બાઈઓ એકસાથે બોલી : અરે ! એમાં શું ! હું દૂધ આપીશ. બીજી કહે : હું ચોખા આપીશ. ત્રીજીએ કહ્યું : હું સાકર આપીશ. ચોથીએ ઘી આપવાનું કહ્યું : બસ, હવે તો છાની રહે ! હજીયે શાને રડે છે ?

આ બધું તો તમે આપશો, પણ હું ખીર રાંધીશ શેમાં ?

ઓહો... એમ છે. ચાલો તપેલી એ તાસક હું આપીશ. એક બાઈએ કહ્યું અને રુદન શાંત થયું. બધી સામગ્રી આવી અને ઘરમં ખીર થવા લાગી, ઊકળવા લાગી. કમોદ અને ગાયના દૂધની મિશ્ર સુગંધથી ઘર ભરાવા લાગ્યું. સાંગાની આંખમાં પણ નવી ચમક આવી. હાશ ! હવે ખીર ખાવા મળશે. મનમાં હરખ માતો નથી. તૈયાર થયેલી ગરમ-ગરમ ખીર, તાંસળીમાં પીરસી મા વળી બીજાનાં ઘર-કામ કરવા બહાર ગઈ.

એવામાં મુનિ મહારાજે "ધર્મલાભ" કહી ઘરમાં પ્રવેશ કર્યો. સાંગાની પાસે આવીને ઊભા રહ્યા. એ તો ખીરમાંથી નીકળતી વરાળ જોઈ રહ્યો હતો. 'ધર્મલાભ'નો સ્વર સાંભળી, એણે જેવું ઊંચે જોયું, તો થયું : અહો ! એ જ મુનિરાજ છે જેમને રોજ રોજ કહ્યા કરતો. તે જ પધાર્યા.
પુલકિત હૈયે, ખીર ભરેલી તાસક બે હાથે ઊંચકી, મુનિરાજના હાથમાંના પાત્રમાં ઠલવવા લાગ્યો. **એની શુદ્ધ, શુભ્ર અને શુભ ભાવધારાને અખંડ રાખવા મુનિરાજ પણ "ના" ન બોલી શક્યા.**

પાત્રુ આખું ખીરથી ભરાઈ ગયું. **સંગમનું મન ભાવથી ભરાઈ ગયું ! આત્મા પુણ્યથી ભરાઈ ગયો !**

મુનિરાજ "ધર્મલાભ" કહી ઘર બહાર પધાર્યા એટલામાં મા પાછી આવી. સંગમ મરક-મરક ખુશ થતો હતો અને તાસકમાં થોડી વધેલી ખીર આંગળાથી ચાટી રહ્યો હતો. માને થયું : દીકરો હજ ભૂખ્યો લાગે છે. વધેલી બધી ખીર એની તાસકમાં પીરસી દીધી. સાંગો તો કાંઈ બોલતો નથી. **એને રૂંવે રૂંવે હરખ ઉભરાય છે. થાળમાંની ખીરને બદલે મુનિરાજનું પાત્રુ જ દેખાયા કરે છે ! એ જ મુનિરાજ પધારી ગયા. સરસ થયું સરસ થયું - એમ વિચારમાળા ચાલતી હતી;** ત્યાં મા, ઘરના નળિયામાંથી ચળાઈને આવતાં ચાંદરણાં બતાવી કહે છે :

જો, સૂરજ તો માથે ચડી આવ્યો. તારા ભેરુઓ તો ક્યારનાય ગામની સીમમાં વાછરડાંને લઈ આગળ નીકળી ગયા છે. તું ય જલદી ખાઈને પહોંચી જજે.

એમ કહી મા તો ગઈ. ગરમ ખીર મોંઢે માંડી, પેટમાં પડી. પણ મન હવે ખીરમાં ક્યાં છે ? એ તો મુનિરાજની પાછળ-પાછળ ચાલ્યું છે ! 'ક્યારે ખીર ખવાઈ, ક્યારે એ ઊભો થયો, લાકડી લઈ ઘર બહાર નીકળી દોડવા લાગ્યો' તેનું ભાન-સાન ન રહ્યું. ખીર ખાધી તેની ગરમી, માથે તપતા સૂરજની ગરમી, પાણીનો સોસ અને દોડવાનો શ્રમ - બધું ભેગું થયું. વચ્ચે મોટો ખાડો આવ્યો, એનો ખ્યાલેય ન રહ્યો ને તે એમાં ઊંધે માથે પડ્યો.

પાણીની તરસ તો ખૂબ લાગી હતી. 'પાણી પાણી' એમ બૂમ પાડે છે, ત્યાં જ પેલા મુનિરાજ અનેક ઘરે ગૌચરી વહોરી પાછા વળી રહ્યા હતા, તેમના કાને આ અવાજ સંભળાયો. તુર્ત જ ખાડા પાસે આવ્યા. કહેવા લાગ્યા :

પાણી... પાણી હમણાં આવે છે... બોલો 'નમો અરિહંતાણં, નમો અરિહંતાણં.'

શરીરની વેદના વચ્ચે પણ, સંગમના મનમાં પ્રસન્નતા છલકાવા લાગી. નિર્દોષ અને ભોળી કાળી-કાળી આંખમાં અંકાયેલી મુનિ મહારાજની પ્રશાંત છબી બરાબર યાદ આવતાં વેંત; 'અહો ! આ તો એ જ મુનિરાજ છે ! જેમની સાથે પ્રીતિ બંધાઈ હતી.' તેમના મુખનાં વચનો મળ્યાં, એટલે એ પ્રમાણે બોલવા લાગ્યો.

**મન વેદનામાંથી નીકળીને નમો અરિહંતાણં એ સાત અક્ષરમાં રમવા લાગ્યું.** એ જ પરિણતિમાં પરભવના આયુષ્યનો બંધ અને આ ભવના આયુષ્યનો અંત આવ્યો. જીવ પરભવમાં પહોંચી ગયો !

રાજગૃહી નગરી. ગોભદ્રશેઠ અને ભદ્રામાતા. શાલિના ક્ષેત્રનું ઉત્તમ સ્વપ્ન અને પછી બાળકનો જન્મ. **એ સમયમાં જાતકનાં નામ પાડવામાં રાશિનો વિચાર પ્રધાન ન હતો. સ્વપ્નદર્શનને જ કેન્દ્રમાં રાખીને શાલિભદ્ર નામ રાખ્યું.** સમગ્ર પરિવારમાં આનંદની ભરતી જ વર્તે છે. સર્વત્ર પુણ્ય પ્રકર્ષનાં દર્શન જ થતાં હતા.

અહીં પણ પેલા જન્મની જેમ પિતાની ગેરહાજરી થઇ. પરંતુ એ શરીરથી જણાતા ન હતા એટલું જ. એમના અસ્તિત્વનો પરિમલ સર્વત્ર પ્રસરેલો અનુભવાતો હતો. કેવો તે પુત્રપ્રેમ ! પુત્રના પુણ્ય-પ્રાગ્ભારથી વિસ્તર્યો કે દીકરાને પીવાનું પાણી પણ દેવલોકમાંથી પૂરું પાડતા. પાણીની વાત આવી હોય, તો પછી ખાવાનું, પહેરવાનું, શણગાર માટેના ઘરેણાં-દાગીનાનું તો પૂછવું જ શું ? એક શાલિભદ્ર અને તેમનાં બત્રીસ પત્ની, એક એકને માટે ત્રણ પેટી. તેત્રીસ તરી નવ્વાણું. પૂરી સો યે નહીં અને અઠ્ઠાણું ય નહીં !

વસતા તો હતા મનુષ્યલોકમાં પણ, ચોમેર છલકાતા વૈભવ અને ઐશ્વર્ય તો પૂરેપૂરા દેવતાઈ જ ! આવો વૈભવ તો મળે, પણ સાથે એને જીરવવાની શક્તિ તો જોઈએ ને ! ક્યારેક તો દેખેલું ઐશ્વર્ય પણ જીરવાતું નથી !

ઘટના બને છે તો ઊંડાણ-વિસ્તારનો અંદાજ આવે છે. એક ઘટનાની કાંકરી તળાવમાં પડે છે તેથી તે સીધી તળીયે જઇને બેસતી નથી. એ પહેલા તો એનાં અનેક વલયો, વર્તુળો રચાય છે અને કાંઠા સુધી તે વિસ્તરે છે.

રત્નકંબલના વેપારી પાસેથી સોળ રત્ન-કંબલ લેવાની એક સાદી ઘટના. તેના પડઘા કેટલા લંબાયા ?

મગધસમ્રાટ શ્રેણિકની રાજગૃહીમાં તો, અનેકાનેક શ્રીમંત ગૃહસ્થો વસતા હતા. પણ શાલિભદ્ર એવા શ્રીમંત ગણાયા કે તેની પુત્રવધૂઓ આવા રત્નકંબલને પગલૂછણીયારૂપે વાપરીને નિર્માલ્યરૂપે નિકાલ કરતી હોય, એ અસાધારણ ઘટના હતી. રાજગૃહીમાં નવ્વાણું પેટીની વાત જાણીતી નહીં હોય, એમ લાગે છે.

ચેલ્લણારાણીએ શ્રેણિકરાજા પાસે રત્નકંબલની માંગણી કરી; પરંતુ રાજાને એ જરૂરી લાગ્યું નહીં. **જરૂરત અને ઇચ્છા વચ્ચેનો ભેદ જે સમજે છે તે સહજ રીતે સંતોષી બની શકે છે.**

રાણી, ગમે તેમ તો યે એક સ્ત્રી છે. તેની નજર જ્યારે શેરી વાળનારી બાઇ પર પડી અને તેની ઓઢણી રત્નકંબલની જોઇ, એટલે ખૂબ ખિન્ન થઇ. તેના રાણીપણામાં એક ગોબો પડ્યો.

રાજાને  કહેવા લાગી : તમારા રાજાપણામાં ધૂળ પડી. જુઓ તો ખરા ! તમે મને ના કહી દીધી અને તમારી નગરીના વસાવાય આવું મોંઘું વસ્ત્ર પહેરે છે !

રાજાને પણ લાગી આવ્યું. વાતના મૂળ સુધી જવા જેવું લાગ્યું. તપાસ કરતાં જાણવા મળ્યું કે આ તો શાલિભદ્ર શ્રેષ્ઠીને ત્યાંના નિર્માલ્યમાંથી સાંપડી છે ! હજી હમણાં તો એ વેપારી વેચવા આવ્યા હતા ત્યાં આ નિર્માલ્યેય બની ગઈ ! તો તો બોલાવો વેપારીને. પૂછો ! હોય તેટલી લઈ લો ! પણ... વેપારી કહે : સોળ નંગ હતાં તે બધાં જ ભદ્રામાતાએ લીધાં. હવે નથી.

રાજાએ કહેણ મોકલ્યું. ત્યાંથી પણ હાથ પાછા પડ્યા. આપ મંગાવો અને ના કહેવી પડે ! આ તો મરવા જેવું ગણાય ! એ જ વખતે સોળ કંબલના બત્રીસ ભાગ કરીને પુત્રવધૂઓને આપી દીધાં હતાં. સાંભળીને રાજાને થયું : આવી સમૃધ્ધિ, વૈભવ છે, તો જોવા જવું જોઇએ.

મગધસમ્રાટ સામે ચાલીને ગયા હોય તેવા દાખલા ત્રણેક માત્ર છે. તેમાં એક તે આ, ભદ્રાને ત્યાં જવાનો દાખલો છે. ભદ્રાએ આમંત્રણ પાઠવ્યું. રાજાને પૂરા દોર-દમામ સાથે આવકાર્યા. રાજા શ્રેણિક અને ચેલ્લણા રાણી સાથે છે. એક-એક માળ ચડે છે અને આંખ પહોળી થતી જાય છે, મન ઓવારી જાય છે. ચાર માળથી ઉપર ન ચડી શકાયું. શાલિભદ્રને નીચે બોલાવવાની ફરજ પડી. બોલાવવા કોણ જાય ? એ કામ તો ભદ્ર શેઠાણી જ કરી શકે ! ગયા.

વેઢમીમાં કાંકરો આવે તેવું લાગ્યું ! વણજમાં શું પૂછો છો ? ઠીક લાગે તે મૂલ કરી, દામ ચૂકવી, વકારે મુકાવી દો ! ભદ્રા મૂંઝાયા. શું કહેવું ? આવું ન કહેવું પડે તો સારું, પણ હવે ઉપાય નથી. કહે : આ રાય કરિયાણું નથી. આ રાય તો રાજા શ્રેણિક છે. મગધ દેશના માલિક છે. આપણા સ્વામી છે. તેઓ આવ્યા છે. ચાલો ! થોડી વાર માટે આવો !

મન ઉદાસ થઇ ગયું ! પુણ્ય ઓછાં પડ્યાં ? પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રે દાન નવિ દીધાં, તેને કારણે રે હજી અમારે માથે નાથ છે !

મન વિના આવ્યા. શ્રેણિક તો શાલિભદ્રનું રૂપ, સૌંદર્ય અને લાવણ્ય જોઈ જ રહ્યા ! આવું દેવતાઈ રૂપ તો સમવસરણના દેવોમાં પણ દીઠું નથી. દેહ મનુષ્યનો અને સૌંદર્ય દેવતાઈ ! મોં પરની રેશમી કુમાશ અને રૂપમાધુર્યને ચેલ્લણા પણ અપલક નેત્રે નિહાળી રહ્યાં. આંખો ચોળવા લાગ્યાં. આ શું જોઉં છું ! આવું નેત્રદીપક દેહ સૌંદર્ય અને લાવણ્યભરપૂર રૂપ આ પૃથ્વીલોક પર જોવા મળવું દોહ્યલું છે.

વહાલ વરસાવવા રાજા શ્રેણિકે ખોળે બેસાર્યા પણ ક્ષણમાં તો શાલિભદ્રના મુખ પર મોતી જેવાં પ્રસ્વેદ-બિંદુ બાઝવા લાગ્યાં ! માતા ભદ્રા કહે : માણસનો સંગ સહી શક્તા નથી; અહીંનું પાણી પણ પીધું નથી. આપ સત્વરે રજા આપો.

શાલિભદ્ર ઉપરના માળે ગયા. એક એક શ્રેણિ ઉપર ચડતા, ચડતા જ ગયા ! નીચે ક્યારે ય ન ઊતર્યા. સંકલ્પ થઈ ગયો. **આવું આશ્રિત જીવન ન જોઈએ. આત્માની સ્વતંત્રતા પર તરાપ છે.** લોખંડની બેડીમાંથી તો ઝાટકે છુટાય પણ આ તો સ્નેહ-રાગના સૂતરના તાંતણાનાં બંધન ! હળવે હળવે, જાળવીને અળગા કરવા પડે.

રોજ એક બંધન અળગું કરવું એમ વિચાર્યું અને શરૂ કર્યું ! ભદ્રાને આંચકો લાગ્યો. મનમાં અંદેશો હતો જ કે આવો દિવસ એક વાર ઊગવાનો છે જ. **ચકમકના પાષાણને પાણીમાં રાખો એટલે એવું ન માનવું કે તે પાણીને સ્વીકારી લેશે. તેની અંદરનો અગ્નિ તો અકબંધ જ રહે છે.** ગત ભવમાં છેલ્લી પળોએ 'નમો અરિહંતાણં' સંભળાવનાર પેલા મુનિવરની છબી ઊંડે ઊંડે અંકિત થઈ હતી એનું કામ શરૂ થયું હતું.

કેવા યોગાનુયોગ રચાય છે ! એક બહેન સુભદ્રા. તેના સ્વામી ધન્યકુમાર. પદ્મરાગમણિની ખાણમાં મણિ જ પાકે. કાચ તો ગોત્યા ન જડે. ધન્યના જાણવામા આવ્યું ન હતું. સ્થૂળ સમાચારોની આપ-લે રોજિંદી ન હતી એ વખતની આ વાત છે.

''ભાઈ એક એક પત્નીને પરિહરે છે. દેવતાઈ ઋદ્ધિમાં અનાસક્તિ હતી, હવે તે ત્યાગના રૂપમાં પરિપકવ બની છે.'' - આવું જાણીને, સંસારના સહજ રાગથી ઘૂંટાયેલી વેદના, સુભદ્રાની આંખમાંથી આંસુ રૂપે ધસી આવી. સ્નાનવેળો જ ધન્યકુમારના ખભે ઊનાં આંસુ પડ્યાં !

અત્યંત સંવેદનશીલ ધન્નાની આંખ ઉપર જોવા લાગી. સુભદ્રાની ગોળ ગોળ કાળી આંખમાં આંસુ તગતગે છે. અચરજ થયું. શું ઉણપ આવી હશે ? સુભદ્રાની આંખ ભીની પણ ન થવી જોઈએ; આ તો ચૂવે છે !

"શું છે ? શું છે ?'' - સ્વરમાં વિહ્વળતાનો કંપ આવ્યો...

ભાઈ રોજ-રોજ એક ત્યજે છે... ગદ્‌ગદ્ સ્વરે કહેવાયું.

વાક્ય જુદા સ્વરૂપે પાછું ફર્યું : આ તો કાયરનાં કામ ! આ શું ? **છોડવું તો છોડી જાણવું. ધીમે ધીમે બળતા ઇંધણમાંથી રસોઈ ન થાય, અરે ! તાપણું પણ ન થાય !**

બોલવું સહેલું છે. કરવું અઘરું છે.

એમ છે ? તો આજથી આઠેય પત્નીનો ત્યાગ ! સ્વરમાં એ જ સ્વસ્થતા. નથી આવેશ કે આવેગનો કંપ ! કંપવાનો વારો હવે સુભદ્રાનો હતો.

અરે, અરે ! ભાઈ તો જાય છે. આ તો પતિ પણ જશે ! ના, ના, દેવ ! હું તો ઉપહાસ કરતી હતી, નાથ ! એવું ના બોલો !

ધન્ના કહે : આ તો હાથીના દાંત. નીકળ્યા તે નીકળ્યા. ધન્યકુમાર માથાના લાંબા લાંબા કાળા વાળ વાળીને શાલિભદ્રને બારણે પહોંચ્યા. કમાડની સાંકળ ખખડાવી.

ભાઈ ! ગૂમડાનો બીયો કાઢવો છે તો વિલંબ શાને ? વાયદા શાને ? ચાલ ! જઈને વીરના ચરણમાં ઠરીને બેસીએ. શાલિભદ્ર તો ઇચ્છતા હતા જ. એકથી ભલા બે ! આવા કપરા ચડાણમાં સથવારો ક્યાં મળે ? ભેરુની સાથે જ ભગવાન પાસે પહોંચ્યા. પ્રભુએ સ્વીકાર્યા, બાંહ્ય ધરીને ઉદ્ધાર્યા.

હવે તો જંગ જીતવા નીકળી પડ્યા છે. નવાં નવાં તપ આદરે છે. છોડ્યું એનું તો સ્મરણ પણ નથી. ઊંચી-ઊંચી ભાવધારામાં નિરંતર વહ્યે જાય છે, તેમાં જ મહાલે છે. એકાવલિ તપ આદરે છે - એક ઉપવાસ પછી એક પારણું એમ ચડતા ક્રમે સોળ સુધી પહોંચવાનું અને એ જ ક્રમે ઊતરવાનું - સોળ-પંદર-ચૌદ-તેર-બાર એમ છેલ્લે એક ઉપવાસ આવે.

આ રીતે દેહની દરકાર કર્યા વિના તપોમય બન્યા છે. બાહ્ય તપ અને અભ્યંતર તપ - એ જ જીવન બની ગયું છે. જે દેહને અહીંનું પાણી પણ અડતું ન હતું એ દેહે આહાર-પાણી બન્ને ત્યજ્યાં છે. **પ્રભુનું વાત્સલ્ય સતત વરસતું રહે છે. બધાં જુનાં કર્મો ખરી રહ્યાં છે, એની દોસ્તી હવે નહીં નભે.** કર્મપડળ ખરવાથી અંદરની ઉજ્જવળતા વધતી રહે છે. અંદરના ઉઘાડથી અજવાળું-અજવાળું વરતાય છે. દેહ તો શરમાઈ ગયો, વિલખો પડી ગયો. વિલાયેલું મોં તો કાળું જ હોય ને !

આજે તપનું પારણું હતું. રાજગૃહીમાં આવવાનું થયું છે. મધ્યાહ્ન વેળાએ ગૌચરી જતી વખતે પ્રભુ પાસે અનુમતિ લેવા ગયા. પ્રભુએ કહ્યું : આજે તમે તમારા માતાને હાથે વ્હોરશો.

'તહત્તિ.' કહી, શાલિભદ્ર માતાની શેરી તરફ સંચર્યા. ભદ્રાની હવેલીમાં તો હલચલ મચી છે. ઉપર-તળે દોડધામ છે. આજે શાલિભદ્રમુનિ પધાર્યા છે. તેમને વાંદવા માટે જવાનું છે. બધાને હૈયામાં ઉમંગ માતો નથી. સંભ્રમ શું કહેવાય તે જણાય છે. **ઉમળકાને ઉતાવળ જોડે સંબંધ છે. દેહ કરતાં મન તો ગતિમાં આગળ જ હોય ને !**

શાલિભદ્રમુનિ સાક્ષાત્ આંગણે આવીને ઊભા છે. પણ કોણ કોને બોલાવે ? કોણ જુએ ? જીભ બીજે રોકાઈ છે. આંખ બીજું જ શોધે છે. શાલિભદ્ર નત નેત્રે ઊભા છે. 'ધર્મલાભ'નાં વેણ જીભથી બહાર આવે છે, પણ ત્યાં જ વેરાઈ જાય છે. રણમાં પડેલા વરસાદનો રેલો ક્યાંય ન દેખાય ! શાલિભદ્ર પાછા વળે છે.

મનમાં સહેજ વિકલ્પ આવ્યો. ત્યાં, રસ્તામાં ઘરડા ગોવાલણીએ લાભ દેવાની વિનંતિ કરી ! તેને હૈયે હેત ઉભરાયાં ! છાતી ભીંજાઈ ! વહાલપ ફોરવા લાગ્યું. ભાવ જોઈ મુનિવરે લાભ આપ્યો. દહીં વ્હોર્યું. હૃદયના છલકતા ભાવ એ ભાવ-મંગળમાં દહીંનું દ્રવ્ય-મંગળ ભળ્યું.

પ્રભુ પાસે પાછા આવ્યા. મનમાં પ્રશ્ન હતો છતાં પૂછવું ન પડ્યું ! પ્રભુ વદ્યા : તમને જેણે દહીં વ્હોરાવ્યું તે તમારાં માતા હતાં. તમારો નવો જન્મ છે. તેઓનો એ જ ભવ છે.

શબ્દોએ હૃદયમાં જઈને આવરણ દૂર કર્યાં. એ ભવ આંખ સામે આવ્યો. મા જોયાં ! ખીર જોઈ ! મુનિમહારાજ જોયા ! દેહનો મોહ તો ગયો હતો જ. હવે સંસારવાસનો મોહ ગયો ! મૂળ સ્વરૂપને પામવાની તાલાવેલી થઈ આવી. અણસણની અનુજ્ઞા માંગી. પ્રભુએ આપી. ધન્નાજી સાથે વૈભારગિરિ ઉપર શિલાપટમાં અણસણ સ્વીકારીને સિદ્ધોને શરણે મન મૂકી દીધું. ધ્યાનનું અનુસંધાન ત્યાં જ સધાઈ ગયું. દેહભાર ગયો ! દેહભાન ગયું.

ભદ્રમાતા પરિવાર સાથે આડંબરપૂર્વક વાંદવા આવ્યાં. સૌની આંખ શાલિભદ્રને શોધવા લાગી. જાણવા મળ્યું કે અણસણ સ્વીકાર્યું છે અને વૈભારગિરિ પર તપ કરી રહ્યા છે. કાફલો ત્યાં પહોંચ્યો ! પરંતુ શાલિભદ્રમુનિ તો 'મેરુ ચળે તો તેનાં મનડાં ન ચળે' તેવી સમાધિમાં લીન હતા.

ભાવપૂર્વક અર્ધાવનત બની, લળી લળી, વારંવાર પ્રણામ કર્યા.
એમની નિરીહતાને સજળ નેત્રે બધા વંદી રહ્યા.

રાજા શ્રેણિક પણ આ બધું, શ્રદ્ધાનમ્ર હૃદયે જોઈને પ્રભાવિત થયા.

ઋધ્ધિ તો શાલિભદ્રની.
ત્યાગ શાલિભદ્રના ત્યાગ જેવો !
વૈરાગ્ય પણ શાલિભદ્રનો !
તપ પણ શાલિભદ્રનું !

આપણાં હૃદયને ભીંજવી જતી શાલિભદ્રની કથા આપણાં અંતરના ઓરડાને અજવાળી રહો અજવાળી રહો !

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા અંક ૪૧**

# ચરિત્ર ગ્રન્થોમાં શ્રી શાલિભદ્ર મહારાજ

**यद्गोभद्रःसुरपरि वृढो भूषणाद्यं ददौ य -**
**ज्जातं जायापदपरिचितं कंबलिरत्नजातम् ।**
**पण्यं यच्चाजनिनरपतिर्यच्चसर्वार्थसिद्धि -**
**स्तद्दानस्याद्भुतफलमिदं शालिभद्रस्य सर्वम् ।।**

દેવોમાં શ્રેષ્ઠ એવા ગોભદ્રદેવ જેમને રોજ અલંકાર વગેરે પહોંચાડતા હતા, રત્નકંબલ જેવી ઉત્તમ વસ્તુ જેઓનાં પત્નીને પગ-લૂછણીયા તરીકે વપરાયાં હતાં; રાજા શ્રેણિક જેવા રાજા જેને મન કરિયાણું ગણાયું; જેઓ પરલોકમાં પણ સર્વાર્થસિદ્ધ વિમાનવાસી બન્યા, તે શ્રી શાલિભદ્રનું સર્વ અદ્‌ભુત છે અને આ બધાં દાનનાં ફળો છે.

**पादाम्भोजरजःप्रमार्जनमपिक्ष्मापाललीलावती**
**दुष्प्रप्याद्भुतरत्नकम्बलदलैर्यवल्लभानामभूद् ।**
**निर्माल्यंनवहेममण्डनमपि क्लेशाय यस्यावनि -**
**पालालिऽगनमप्यसौविजयते दानात् सुभद्रांऽगज ।।**

મોટા રાજાને પણ જે દુર્લભ હતી તેવી રત્નકંબલ જેની પત્નીને માટે ચરણ-કમલની રજ લૂછવા માટે થઈ હતી અને સુંદર સુવર્ણના આભૂષણ પણ જેઓને ત્યાં નિર્માલ્ય ગણાયા. રાજા શ્રેણિક ખોળે બેસાડીને જ્યારે તેમને ભેટ્યા ત્યારે પણ જેમને અસુખ થયું તેવા શાલિભદ્ર મહારાજ જેઓ ભદ્રામાતાના સુપુત્ર હતા તેઓ જયવંતા વર્તો !!